# શહેરમાં શરદોત્સવની ભાવપૂર્વક ઉજવણી



રાજપૂત સમાજ



સેંટ ઝેવિયર્સ



સેંટ ઝેવિયર્સ



બ્રહ્મસમાજ

ગાંધીનગર શહેરમાં શરદોત્સવની ભકિત ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં શરદપૂનમ નિમિતે રાસ-ગરબાના પણ વિશેષ આયોજનો કરવામાં આવ્યા હતા. જેમાં શહેરની સેન્ટ ઝેવિયર્સ, માઉન્ટ કાર્મેલ અને રાજપૂત સાંસ્કૃતિક ફોરમ દ્વારા ગરબા યોજાયા હતા. જેમાં વિદ્યાર્થીઓ તેમજ રાજપૂત સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં ગરબે ઘુમ્યા હતા. શરદ પૂનમ હોવાથી દુધ પૌંવાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નગરના સકટરોમાં પણ શેરીએ તેમજ સોસાયટીઓમાં ગરબાના આયોજનને પગલે મોડીરાત સુધી પ્રાચીન અને અર્વાચીન ગરબા સંભળાતા હતા. નવરાત્રી બાદ ખૈલેયાઓને શરદોત્સવના ગરબે ઘુમવાની તક મળતા મનમુકીને ગરબે ઘુમ્યા હતા. જયારે શાળાના વિદ્યાર્થીઓ પણ મોકળાશવાળા ગ્રાઉન્ડમાં સુંદર લાઈટીંગ અને સાઉન્ડ સિસ્ટમને સથવારે નભમાં નીકળતા ચંદ્રમાના પ્રકાશમાં વિદ્યાર્થીઓએ ગરબાની મોજ માણી હતી.

ગાંધીનગર શહેરની સેન્ટ ઝેવિયર્સ શાળા ખાતે ટેકસાજી દ્વારા રઢીયાળી રાત રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગરબાનો પ્રારંભ શાળા ફાધર હેકટર પીન્ટો તેમજ આમંત્રિત મહેમાનોએ દિપ પ્રગટાવીને પ્રારંભ કર્યો હતો. સેન્ટ ઝેવિયર્સ ખાતે છેલ્લા બે વર્ષથી શરદોત્સવના ગરબાનું આયોજન કરવામાં આવે છે. સમગ્ર શાળાને રોશની કરતા ઝળહળી ઉઠી હતી.

મોકળાશવાળા ગ્રાઉન્ડમાં સાઉન્ડ સિસ્ટમ તેમજ સંગીતના સથવારે ગરબાની ધુન પર વિદ્યાર્થીઓ મનમુકીને ગરબે ઘુમ્યા હતા. જયારે બાળકો માટે ખાણીપીણીના ૧૫ જેટલા સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગરબા બાદ બાળખો નાસ્તાની જયાફત માણતા નજરે પડયા હતા. જયારે સેન્ટ ઝેવિયર્સ આયોજીત રઢીયાળી રાતના ગરબાની મુલાકાત શહેરના મેયર પ્રવિણ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે, કલ્પતરુ પાવર કંપનીના કમલ કિશોર જૈન, અને કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા ખાસ હાજર રહીને બાળકોને ગરબે રમતા નિહાળયા હતા.

જયારે સેકટર -૨૧ માઉન્ટ કાર્મેલ ખાતે પણ મોડીરાત સુધી ગરબાની રમઝટ બોલાઈ હતી. વિદ્યાર્થીઓ ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબે ઘુમ્યા હતા. જયારે શહેરના ક-૭ શિવાલય પાર્ટી પ્લોટ ખાતે રાજપૂત સાંસ્કૃતિક ફોરમ દ્વારા શરદપૂનમના ગરબાનું આયોજન કરાયું હતું. જેમાં રાજપૂત સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં પરંપરાગત ડ્રેસીંગ સાથે ગરબે ઘુમ્યા હતા. આ પ્રસંગે હાજર વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ દરેક વ્યકિતને ચંદ્ર જેમ શીતળતા આપે છે તેવી શીતળતા દરેકને આપવા જણાવ્યું હતું. જયારે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ સમાજના વિદ્યાર્થીઓને ભણતર પર વિશેષ ધ્યાન રાખવા જણાવ્યું હતું. તેમજ શકિતસિંહ ગોહિલે પણ તલવારની જગ્યાએ હાથમાં કોમ્પ્યુટર માઉસ પકડી પ્રગતિ કરવા જણાવ્યું હતું. આમ નગરમાં વિવિધ સમાજો તેમજ શૈક્ષણિક તેમજ સામાજીક સંસ્થાઓ દ્વારા પણ શરદોત્સવ નિમિતે રાસગરબા યોજીને ભાવપૂર્વક ઉજવણી કરી હતી.

# રૂપાણીની કામની ગતિ વધતાં ગુજરાતમાં વહેલી ચૂંટણીના સંકેત, અભિપ્રાય લેવાયો

ગુજરાતમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણીની કામ કરવાની સ્ટાઈલ અને ગતિ જોતાં એવું લાગી રહ્યું છે કે વિધાનસભાની ચૂંટણી વહેલી આવી રહી છે. સચિવાલયના સૂત્રોએ કહ્યું હતું કે આમ તો વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર ૨૦૧૭માં નિર્ધારિત છે પરંતુ લાંબો સમય થાય તો ભાજપને નુકશાન થવાના ચાન્સ હોવાથી વાયબ્રન્ટ સમિટ તેમજ ફુલગુલાબી બજેટ પછી ચૂંટણી કરાવવાનો સરકારનો ઈરાદો દેખાઈ રહ્યો છે. દર મહિને નવા લોકભોગ્ય નિર્ણયો લેવાની રૂપાણીની સ્ટેટેજી બતાવી આપે છે કે ચૂંટણી વહેલી આવી રહી છે. ભાજપે ઈન્ટરનલ અને એજન્સીઓ મારફતે સર્વે પણ કરાવ્યો છે જેમાં વહેલી ચૂંટણીની ભલામણ કરવામાં આવે છે. જો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ તૈયાર થાય તો ગુજરાતમાં સમય પૂર્વે ઈલેકશન આવી શકે છે.

**વાયબ્રન્ટ સમિટના આઈડિયા મોદીના હશે, અમલ ગુજરાતે કરવાનો છે**

**વાયબ્રન્ટ સમિટમાં 'આઇડિયા' મોદીના હશે...**

ગુજરાતની આઠમી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં તમામ આઈડિયા નરેન્દ્ર મોદીના હશે પરંતુ તેનું પાલન મુખ્યપ્રધાન વિજય રૂપાણી કરશે. અત્યાર સુધીની સાત વાયબ્રન્ટ સમિટ પૈકી છ સમિટમાં મોદી ભલે યજમાન રહ્યાં હોય, સાતમી સમિટમાં તેમણે જ આનંદીબહેન પટેલને આઈડિયા આપ્યા હતા. આઠમી સમિટમાં તેઓ વિજય રૂપાણીને આઈડિયા આપશે. આ આઈડિયા લેવા માટે ગુજરાતના અધિકારીઓના દિલ્હીના આંટાફેરા વધી શકે છે. મોદીએ ગુજરાતને સ્પષ્ટ કહ્યું છે કે વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં એમઓયુ થયા પછી મૂડીરોકાણ આવતું નથી તેવું આપણા માથે લેબલ લાગેલું છે તેને દૂર કરવા આપણે જ કસરત કરવાની જરૂર છે. આ ઈમેજને ભૂંસવા માટે વિજય રૂપાણીને છૂટો દોર આપી દેવામાં આવ્યો છે. હવે રાજ્ય સરકારે એવા રેકોર્ડ શોધીને સંપર્કો શરૂ કર્યા છે કે જેમણે સરકાર સાથે એમઓયુ સાઈન કર્યું હોય, ઉદ્યોગ વિભાગ અને તેને સંલગ્ન ઈન્ડેક્ષ્ટ-બી અને ઉદ્યોગ કમિશનરેટ હાલ ઉદ્યોગજૂથના પ્રતિનિધિઓને શોધવામાં વ્યસ્ત છે.

**લોકોની યાતના સમજે તે જ સાચો રાજા...**

લોકોની યાતના અને વાચા સમજી શકે તે જ સાચો રાજા હોઈ શકે છે. વિક્રમ રાજા તેમના સમયમાં છૂપાવેશે નગરચર્યા માટે નિકળતા હતા. કેશુભાઈ પટેલના સમયમાં સવજી કોરાટ પબ્લિક વચ્ચે જતાં અને અધિકારીઓના કૌભાંડો પકડતા હતા. મોદીના શાસનમાં આ પ્રથા બંધ થઈ ગઈ જે આનંદીબહેન પટેલ સુધી ચાલી હતી. હવે નગરચર્યા નહીં પણ ભ્રષ્ટ અધિકારીઓને છૂપી રીતે શોધવાનું કામ વિજય રૂપાણીએ હાથ પર લીધું છે. સરકારનો પગાર મેળવતા આવા અધિકારીઓની સાઈડ ઈન્કમ પર તેમણે સકંજો મજબૂત કર્યો છે. એટલું જ નહીં પોતાના કોન્વોય નિકળતો હોય ત્યારે ટ્રાફિકમાં જનતા અટવાયેલી જોઈને રૂપાણીનું હદય દ્રવી ઉઠ્યું છે. તેમનો કાફલો જ્યાંથી નિકળે ત્યાં રોડ બ્લોક નહીં કરવાની તેમણે પોલીસને સૂચના આપી છે. કાશ, તેમની જેમ તેમના મિનિસ્ટર પણ આવું કરે અને પ્રજાને ટ્રાફિકના બંધનથી છૂટકારો અપાવે તો કેટલી દુઆઓ મળે...

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

**વાયબ્રન્ટના ૩ યજમાન-રાજગોપાલન, પાંડિયન, શાહુ હવે 'મહેમાન'**

**ઉદ્યોગો માટે 'લાલજાજમ' બિછાવવાની તૈયારી...**

ગુજરાતમાં ઉદ્યોગો માટે લાલજાજમ બિછાવવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાત સરકાર પાસે હવે માત્ર પાંચ કરોડપતિ ઉદ્યોગોનો સાથ નથી, સરકારે નવા નવા ઉદ્યોગોને શોધી લીધા છે અને તેમને આમંત્રણ આપવાની પ્રોસેસ શરૂ પણ કરી દીધી છે. જાન્યુઆરી મહિનામાં વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ થવાની છે ત્યારે સરકારના આદેશ પ્રમાણે અધિકારીઓ રાજ્યો અને વિદેશોમાં ઉદ્યોગજૂથોને મનાવી રહ્યાં છે. વાયબ્રન્ટ સમિટમાં વધુને વધુ ઉદ્યોગજૂથો આવે તે માટે પ્રલોભનો સહિતના તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. જરૂર પડશે તો વિદેશી ઉદ્યોગકારો માટે સરકાર રિટર્ન ટીકીટ સુધીની સુવિધા કરી આપવા માગે છે. આમ થવા પાછળનું કારણ રાજસ્થાન, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને બિહા જેવા રાજ્યોએ ઔદ્યોગિક વિકાસમાં હરણફાળ ભરી દીધી છે.

**ઉદ્યોગો માટે અચ્છે દિન આવી રહ્યાં છે, સરકાર લિબરલ બની રહી છે**

**વહીવટી તંત્રમાં મોટા પરિવર્તન તોળાય છે...**

ગુજરાત સરકારે તાજેતરમાં જ આઈએએસ અને આઈપીએસ ઓફિસરોની બદલી કરી છે પરંતુ હજી જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ, વિભાગના વડાઓ તેમજ બોર્ડ-કોર્પોરેશનના અધિકારીઓની બદલીની શક્યતા દેખાઈ રહી છે. પોલીસ અધિકારીની બદલીનો બીજો રાઉન્ડ પણ આવી શકે છે. એ ઉપરાંત વિભાગોમાં ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા અધિકારીઓની બદલીઓ થવાના ચાન્સ વધી ગયા છે. ખાસ કરીને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને મુખ્યપ્રધાન વિજય રૂપાણી રાજ્યના વહીવટી તંત્ર ઉપરાંત જિલ્લાના વહીવટી તંત્રમાં ફેરબદલ ઈચ્છી રહ્યાં છે. જો મોટાપાયે બદલીઓ થાય તો સંભવ છે કે ગુજરાત સરકાર ડિસેમ્બર સુધી ચૂંટણીની રાહ જોવાના મૂડમાં નથી.

**૨૨મીએ પ્રધાનમંત્રી મોદી ગુજરાતના દ્વારે...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. ૨૨મી ઓક્ટોબરે બન્ને મહાનુભાવોનો કાર્યક્રમ છે. મોદી ૨૨મીએ સવારે અમદાવાદ આવશે જ્યારે રાષ્ટ્રપતિ સાંજે અમદાવાદ આવશે. મુકરજી રાતવાસો ગાંધીનગરના રાજભવનમાં કરવાના છે અને બીજા દિવસે તેઓ ભરૂચમાં ખાનગી હોસ્પિટલના એક કાર્યક્રમમાં ભાગ લેવાના છે. મોદી વડોદરામાં નવનિર્માણ પામેલા હરણી એરપોર્ટ તેમજ અન્ય એક કાર્યક્રમમાં જશે. ગુજરાતના ધન્યભાગ કે દેશના બન્ને મહાનુભાવો ૨૨મીએ ગુજરાતમાં છે. રાજ્યમાં મોદીના આંટાફેરા વધી રહ્યાનું કારણ સિમ્પલ છે, ચૂંટણીની મોસમ છે અને તેમના વિના ગુજરાત ભાજપનો વિજયરથ ઉપડી શકે તેમ નથી. આ દિવસોમાં ગુજરાતની આખી કેબિનેટ અને સિનિયર ઓફિસરો બન્ને મહાનુભાવોને સત્કારવામાં વ્યક્ત હોઈ શકે છે.

**સરકારને લોકપ્રિય થવું હોય તો આ કરે...**

ગુજરાત સરકારમાં સામાન્ય નાગરિકો છૂટથી પ્રધાન કે અધિકારીને મળી શકે તે માટે સચિવાલય તેમજ પ્રધાનમંડળના નિવાસસ્થાન વિસ્તારમાં લગાવેલા નિયંત્રણો દૂર કરે તો લોકપ્રિયતા મળી શકે તેમ છે. સચિવાલયના સુરક્ષા કવચને હળવું કરવાની આવશ્યકતા છે. મુખ્યપ્રધાને તેમની કેબિનેટના સભ્યો તેમજ ઉચ્ચ અધિકારીઓને સૂચના આપવી

● અનુસંધાન પાના - ૭ પર